પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૬ | ૨૭ નવેમ્બર, ૨૦૧૮, મંગળવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ભાજપ રાવણની ઉપાસક : મમતા બેનર્જી**

અયોધ્યા વિવાદે પુનઃ તેજી પકડી છે ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવતા કહ્યુ છે કે ભાજપ ભગવાન રામની નહી પરંતુ રાવણની ઉપાસક છે. તેઓ રામના નામે લોકોમાં તીરાડ પેદા કરી રહ્યા છે.

**ભારત-માલદીવના વિદેશમંત્રીઓ વચ્ચે બેઠક યોજાઇ**

ભારતની મુલાકાતે આવેલા માલદીવના વિદેશમંત્રી અબ્દુલ્લા શાહિદ સાથે ભારતના વિદેશમંત્રી સુષમા સ્વરાજે મુલાકાત કરી બેઠક યોજી હતી. ભારત-માલદીવના સંબંધો બાબતે આ બેઠક દરમ્યાન ચર્ચા યોજાઈ હતી.

**ચૂંટણી લડવાની વયમર્યાદા નહી ઘટાડાય**

લોકસભા અને વિધાનસભા ચૂંટણી લડવાની વયમર્યાદા ૨૫ થી ઘટાડીને ૧૮ કરવાની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રિમ કોર્ટે પીઆઈએલ ફગાવી સુનવણીનો ઈન્કાર કરી દીધો છે.

**જમ્મુ-કાશ્મીરમાંથી દારૂગોળાનો મોટો જથ્થો ઝડપાયો**

જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. જમ્મુ કાશ્મીના ગાંદરબલના જંગલોમાંથી ઈત્સાસ રાયફલ, ૮૦ રાઉન્ડ ઈન્સાસ કારતૂસ, ૩૭ રાઉન્ડ એકે ૪૭ના કારતૂસ અને અન્ય હથિયારો જપ્ત કર્યા છે.

# મહાકૌભાંડી વિનય શાહની ધરપકડ

**અમદાવાદમાં ૨૬૦ કરોડોની ઠગાઈ કરનાર વિનય શાહની આખરે ધરપકડ કરાઈ : મહાઠગ નેપાળમાં એક યુવતી સાથે ઝડપાઈ ગયો : ઝડપાયેલા મહાઠગ પાસેથી કેટલીક ચોંકાવનારી વિગતો ખુલે તેવી વકી : લેપટોપ, ચાર મોબાઈલ પણ જપ્ત કરાયા**



અમદાવાદ, તા.૨૬

અમદાવાદના થલતેજમાં આર્ચર કેર નામની ઓફિસ ખોલીને ટૂંકી મુદતમાં એકના ત્રણ ગણા પૈસા કરી આપવાના નામે રૂ. ૨૬૦ કરોડની ઠગાઈનો માસ્ટરમાઈન્ડ અને ગુજરાતનો મહાઠઘ એવો વિનય શાહ આખરે નેપાળના પોખરામાંથી ઝડપાઈ ગયો છે. પાસપોર્ટ રજૂ કર્યા વિના તગડું કમિશન આપીને વિદેશી ચલણ એક્સચેન્જ કરાવવા જતા નેપાળ પોલીસે તેની એક હોટલમાંથી ધરપકડ કરી છે. જ્યારે મીડિયા રિપોર્ટ્સ થકી વિનયની અસલિયતની જાણ થતાં નેપાળ પોલીસે આ અંગે ગુજરાત પોલીસને જાણ કરી હતી. ગુજરાત પોલીસની સીઆઈડી ક્રાઈમની એક ટીમ વિનયને લાવવા રવાના થઈ હતી, પ્રત્યાર્પણ સંધિ મુજબ, હવે તેને અમદાવાદ લાવવાની તજવીજ હાથ ધરાઈ છે.

કરોડોનો કૌભાંડી વિનય શાહ કાઠમંડુમાં પકડાયો હોવાની જાહેરાત ગુજરાત પોલીસે કરી હતી. પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ વાસ્તવમાં વિનયે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યુ હોઈ શકે છે. કેમ કે અગાઉ આ કૌભાંડમાં સંડાવોયેલી તેની પત્ની ભાર્ગવીએ પત્ર મારફતે ગુજરાત પોલીસ સમક્ષ આત્મસમર્પણની તૈયારી દર્શાવી હતી. તે પત્રમાં પણ ઉલ્લેખ હતો કે વિનય શાહને ગુમ કરાયા છે. આ જોતાં ભાર્ગવી શાહના પત્ર બાદ વિનય શાહે નેપાળ પોલીસ સમક્ષ આત્મ સમર્પણ કર્યુ હોઈ શકે છે. ગુજરાત પોલીસના દાવા મુજબ આઈબીના ઈનપુટના આધારે નેપાળ પોલીસ દ્વારા પાર

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈ હુમલાની દસમી વરસી પર શહીદોને અંજલિ અપાઇ

**ભોગ બનેલાઓને યાદ કરવામાં આવ્યા : મુંબઇમાં સવારે આઠ વાગ્યાથી જ કાર્યક્રમ : મુખ્યપ્રધાન હાજર : વરસી પ્રસંગે મુંબઇમાં અભૂતપૂર્વ સુરક્ષા રહી**



મુંબઈ,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મુંબઈના ભીષણ ત્રાસાવાદી હુમલાની ૧૦મી વરસીના દિવસે આ હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકો અને ત્રાસવાદ સામેના જંગમાં પ્રાણોની આહુતિ આપનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમને યાદ કર્યા હતા. બીજી બાજુ આ હુમલાની વરસીના દિવસે પોતાના સગાસંબંધીઓને ગુમાવનાર લોકોએ પણ તેમને યાદ કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ પોલીસે કેટલાક શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજ્યા હતા. જેની શરૂઆત સવારે આઠ વાગે થઈ ગઈ હતી. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ અને અન્ય પ્રધાનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વરસીને લઈને પહેલાથી જ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. મુંબઈ હુમલાની વરસી શાંતિપૂર્ણ રીતે પસાર થાય તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. વરસી દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પગલા લેવાયા હતા.મુંબઈ અને દેશના જુદા જુદા જુદા ભાગોમાં આજે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા હતા.

# છત્તીસગઢમાં ૮ નક્સલીઓ ઠાર

**ભીષણ અથડામણમાં બે જવાન શહીદ : એસટીએફ-ડીઆરજી દ્વારા મળીને સફળરીતે ઓપરેશન પાર પાડી દેવાયું**

સુકમા, તા. ૨૬

છત્તીસગઢના નક્સલવાદીગ્રસ્ત વિસ્તાર સુકમામાં આજે ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણ દરમિયાન સુરક્ષા દળોને મોટી સફળતા મળી હતી. આ અથડામણમાં આઠ નક્સલવાદી માર્યા ગયા હતા. જો કે, ડીઆરજીના બે જવાન પણ શહીદ થયા હતા. સુકમાના એસપી અભિષેક મીણાએ માહિતી આપતા કહ્યું હતું કે, એન્કાઉન્ટર સવારે સકલાર ગામમાં થયા બાદ નક્સલીઓમાં ખળભળાટ મચી ગયો હતો. આ અથડામણ વેળા એસટીએફ અને ડીઆરજીની ટીમોએ બાજી સંભાળી લીધી હતી. ભીષણ અથડામણમાં સાતથી આઠ નક્સલીઓ માર્યા ગયા હતા. સુકમા જિલ્લાના સકલાર ગામમા આ અથડામણ થઈ હતી. આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. રાજ્યમાં નક્સલવાદ વિરોધી ઓપરેશનના વિશેષ પોલીસ મહાનિદેશક ડીએમ અવસ્થીએ કહ્યું હતું કે, સુકમા જિલ્લાના ઈસ્ટારામ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ તેલંગાણા સરહદ નજીક આ અથડામણ થઈ હતી. અવસ્થીએ કહ્યું હતું કે છત્તીસગઢ અને તેલંગાણામાં સરહદની નજીક નક્સલી ગતિવિધિ અંગે માહિતી મળ્યા બાદ રવિવારના દિવસે સીઆરપીએફ, એસટીએફ અને

● અનુસંધાન પાન-૭ પર

## ૨૬/૧૧ હુમલાને ભારત ક્યારેય માફ નહિ કરી શકે : પ્રધાનમંત્રી

**આતંકવાદીઓને સામે મોત દેખાય છે : જ્યારે ભારતીય જવાનોએ દુશ્મનના ઘરમાં જ ઘુસીને સર્જિકલ સ્ટ્રાઇક કરીને તેમને મોતને ઘાટ ઉતાર્યા ત્યારે કોંગ્રેસી લોકોએ પુરાવા માંગ્યા હતા : ભીલવાડામાં મોદીનું સંબોધન**

ભીલવાડા, તા.૨૬

રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષોના એકબીજા પર પ્રહારો જારી છે. ભીલવાડામાં ચૂંટણી જનસભાને સંબોધતા આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. જનસભામાં નરેન્દ્ર મોદીએ ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે કરવામાં આવેલા આતંકવાદી હુમલાને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભારત ૨૬-૧૧ના હુમલાને ભુલી શકે નહીં. અમે યોગ્ય તકની શોધમાં છે. જનસભાને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી ઉપર પણ મોદીએ પ્રહાર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે ૨૬મી નવેમ્બરની તારીખ આજે છે અને દિલ્હીમાં હુમલા વેળા મેડમનું શાસન ચાલતું હતું. રિમોટ કન્ટ્રોલથી સરકાર ચાલી હતી. મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર હતી. મહારાષ્ટ્રમાં પણ કોંગ્રેસ અને દિલ્હીમાં પણ કોંગ્રેસની સરકાર હતી. તે વખતે ત્રાસવાદીઓએ હુમલો કરીને અમારા દેશના નાગરિકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. એ ભીષણ ઘટનાને આજે ૧૦ વર્ષ પુરા થયા છે. જ્યારે મુંબઈમાં આતંકવાદી ઘટના ઘટી હતી ત્યારે રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો હતો. તે વખતે આતંકવાદની ઘટનાની કોઈ ટિકા પણ કરતા હતા તો રાજદરબારી એવી રીતે ઉછળી પડતા હતા જાણે તેમના જ કોઈ લોકો હતા. કોંગ્રેસના લોકો કહેતા હતા કે, આ યુદ્ધ છે. પાકિસ્તાને હિન્દુસ્તાન ઉપર યુદ્ધ છેડી દીધું છે. મોદીએ કહ્યું હતું કે, તે વખતે કોંગ્રેસના લોકો કહેતા હતા કે, તેઓ રાજનીતિ કરી રહ્યા છે. દિલ્હી સરકારના હાથ મજબૂત કરવા જોઈએ. કોંગ્રેસના લોકો તે વખતે મોટા મોટા ઉપદેશ



● અનુસંધાન પાન-૭ પર

# એમપી-મિઝોરમમાં ચૂંટણી પ્રચારનો અંત

ભોપાલ, તા. ૨૬

મિઝોરમ અને મધ્યપ્રદેશમાં આજે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો. આની સાથે જ મતદાન માટેનો તખ્તો પણ હવે ગોઠવાઈ ગયો છે. આજે બંને જગ્યાઓએ તમામ પાર્ટીઓએ પૂર્ણ તાકાત લગાવી દીધી હતી. મિઝોરમની વાત કરવામાં આવે તો અહીં સાંજે ચાર વાગે પ્રચારનો અંત આવ્યો હતો. હવે બુધવારે મતદાન થશે. મિઝોરમમાં ૭૭૦૩૯૫ લોકો છે. આ રાજ્યમાં તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી આશિષ કુંદરાના કહેવા મુજબ વ્યવસ્થાને લઈને તેઓ સંપૂર્ણપણે સંતુષ્ટ છે. કોંગ્રેસ પાર્ટી હાલ સત્તામાં છે. ૨૦૦૮ બાદથી મિઝોરમમાં કોંગ્રેસ પાર્ટીની સરકાર છે. સતત ત્રીજી વખત કોંગ્રેસ પાર્ટી સત્તામાં

**બુધવારના દિવસે એક જ તબક્કામાં મતદાન મધ્યપ્રદેશમાં ૨૩૦, મિઝોરમમાં ૪૦ બેઠકો માટે મતદાન થશે : છેલ્લા દિવસે ભાજપ-કોંગ્રેસે તાકાત લગાવી**

● અનુસંધાન પાન-૭ પર



# અક્ષરધામ હુમલાનો આરોપી પકડાયો

**૧૬ વર્ષના ગાળા બાદ એરપોર્ટથી પકડાયો : નાસતો ફરતો કુખ્યાત આતંકવાદી મોહમંદ ફારૂક સાઉદી અરબિયાથી અમદાવાદ આવ્યો હતો**



અમદાવાદ, તા.૨૫

ગુજરાત સહિત દેશભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા ૨૦૦૨ના અક્ષરધામ આતંકી હુમલા કેસના આંતકવાદી આરોપી મોહમ્મદ ફારૂક શેખની શહેર ક્રાઈમબ્રાંચે આજે ચોક્કસ ઈનપુટ્સના આધારે અમદાવાદ એરપોર્ટ પાસેથી જ ધરપકડ કરી લીધી હતી. આંતકવાદી મોહમ્મદ ફારૂક શેખ અક્ષરધામમાં હુમલો કર્યા બાદ ફરાર થઈ ગયો હતો અને તે છેલ્લા ૧૬ વર્ષથી નાસતો ફરતો હતો. પોલીસ તપાસમાં બહાર આવેલી પ્રાથમિક વિગતો મુજબ, આંતકવાદી મોહમંદ ફારૂક શેખ પાછલા ૧૬ વર્ષથી દુબઈમાં રહેતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ફારૂક શેખ અમદાવામાં તેના સંબંધીઓને મળવા માટે સાઉદી અરેબીયાથી આવ્યો હતો અને તેના અહીં આવવા અંગેના ચોક્કસ ઈનપુટ્સના આધારે શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ આંતકવાદી મોહમ્મદ ફારૂખ શેખને અમદાવાદ એરપોર્ટ પાસેથી જ ધરદબોચી લીધો હતો. ક્રાઈમબ્રાંચ દ્વારા આંતકવાદી મોહમંદ શેખની ઝીણવટભરી પૂછપરછ અને તપાસના ચક્રો ગતિમાન કરાયા છે, જેમાં આગામી દિવસોમાં ચોંકાવનારી માહિતી સામે આવે તેવી પણ શકયતા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરના સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર ખાતે ગત તા.૨૪ સપ્ટેમ્બર,૨૦૦૨ના દિવસે આતંકવાદી હુમલો થયો હતો. લગભગ ૧૬ વર્ષ બાદ આ આતંકી હુમલાનો એક આતંકવાદી ક્રાઈમબ્રાંચના હાથે લાગ્યો છે. આ હુમલામાં ૩૩ લોકોના મોત અને ૮૫થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## પુષ્કરમાં રાહુલ ગાંધીએ ગૌત્રની વાત કરી : અજમેરમાં ચાદર ચઢાવી

**અજમેર શરીફ અને બ્રહ્માજીના મંદિરમાં પહોંચ્યા : પોખરણ ખાતે મોદી ઉપર આકરા પ્રહારો : અજમેર શરીફ દરગાહમાં ચાદર ચઢાવી રાહુલ ગાંધીએ મન્નત પણ માંગી**



અજમેર, તા. ૨૬

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પ્રચાર ચરમસીમા ઉપર છે. છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ચુકી છે. ચૂંટણી પ્રચારમાં હાલના દિવસોમાં સૌથી વધારે ચર્ચા જાતિ અને ધર્મને લઈને રહી છે. બીજા એક કોંગ્રેસી નેતાએ વડાપ્રધાન મોદીની જાતિ ઉપર ટિપ્પણી કરી છે. ભાજપે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના ધર્મને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. રાહુલ ગાંધી આજે રાજસ્થાનના પ્રવાસમાં રહ્યા હતા. સૌથી પહેલા તેઓએ અજમેર જઈને ખ્વાજા મોઈનુદ્દીન ચીસ્તીની દરગાહ ઉપર ચાદર ચડાવી હતી. ત્યારબાદ પુષ્કરમાં જગતપિતા બ્રહ્માજીના મંદિરમાં પહોંચ્યા હતા. આ ગાળા દરમિયાન તેઓએ જુદી જુદા વિષયો ઉપર વાત કરી હતી.રાહુલ ગાંધીએ આજે પોતાના ધર્મને લઈને પણ વાત કરી હતી. પુષ્કરમાં દર્શન કરતી

● અનુસંધાન પાન-૭ પર

**એકાઉન્ટન્ટ જોઈએ છે**

ગાંધીનગર સેક્ટર-૨૫માં PVT. Ltd. કંપની માટે અનુભવી એકાઉન્ટન્ટ જોઈએ છે.

M. 8347556803

૩ ડિસેમ્બર થી શરૂ થતી બેચમા જોડાઈ...

કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો

નાણાવટી

નવુ સરનામું : અરિહંત તથા ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ, સે.૭-બી,
નવો ફોન નં.:૯૬૨૪૦ ૧૦૫૫૫, ઓફીસ સમય:સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮
For more details : www.nanavatisworld.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય